# પૃથ્વીરાજ ચૌહાણનો વેશ

'બે ટિકિટ ઊંચા માઈલી, બીજા ખેલની.'

'પૃથ્વીરાજ ચૌહાણની?' મેંદી રંગેલા વાળવાળા ખખડી ગયેલા ટિકિટમાસ્તરે પૂછ્યું.

'આમ કાં પૂછવું પડે છે? કેમ, કોઈ બીજો ખેલ પડ્યો છે?'

'ના, ના.' ટિકિટમાસ્તર બોલ્યા, 'આજ છે તો 'પૃથ્વીરાજ ચૌહાણ' જ, પણ બે દી ખોભરી જાઓ તો 'સતી મદાલસા' લાગશે.'

ટિકિટ આપનાર ડોસો તો રંગેલી મુછાળો, પણ ટિકિટ માગનારો પણ કોઈ કાળિયો જૂના જમાનાનો મુછ્છડ હતો. રાતી આંખવાળો. રાતી એટલે? રોજેરોજ નાટકો જોવાના ઉજાગરે રાતી થઈ ગઈ હોય એવી રાતી, પણ અત્યારે એ કાળો માણસ લાલપીળો થયો. સહેજ તપીને બોલ્યો : 'તમે તો કેવા ટિકિટમાસ્તર છો, બાપા! હું 'પૃથ્વીરાજ ચૌહાણ'ની માગું છું તોય તમે 'સતી મદાલસા' મને ચીંધો છો!'

'મારી ફરજ!'

'અરે! શેની ફરજ?' એ બોલ્યો : 'તમને ખબર નહીં હોય, પચ્ચી વર્ષ પહેલાં આ જ કંપનીમાં મેં ડાંગવાડી મુંબઈમાં આ જ નાટક જોયેલો, આઠ વાર જોયેલો. ને છતાંય ધરવ નહોતો થતો તે છેવટે વડિયા દેવળી કંપની ગઈ એવો જ ત્યાં જઈને જોઈ આવેલ. ત્યાં ત્રણ-ત્રણ વાર જોયેલ. હવે આ જ કંપની ગામમાં આવી છે તે મારાથી જોયા વગર રહેવાય? બોલો.'

'વા વા, વા વા,' ટિકિટમાસ્તર બોલ્યા, 'તમારા જેવા પેટ્રન ઉપર તો કંપની નભે છે. બાકી હવે એક એકથી ચડે એવા સિનેમા આવ્યા છે એટલે જૂની નાટકકંપનીઓનાં પાટિયાં ઊતરવા માંડ્યાં છે...' પછી પૂછ્યું, 'લાવો, બે ફાડુંને?'

પણ ખરીદદાર હજુ પોતાના જ ગુલતાનમાં હતો. પચાસની નોટ કાઢીને બારીના બાકોરામાંથી અંદર સરકાવી. કહ્યું, 'તમે માનશો વડીલ! લોકો કોની પાછળ ગાંડા થયેલા?'

'કોની પાછળ?'

'પૃથ્વીરાજ ચૌહાણનો પાઠ લેનાર મકન મહારથીની ઍક્ટિંગ ઉપર. અરે! લથબથ સંયુક્તાને જોવી મૂક પડતી ને થોભિયાવાળા પૃથ્વીરાજને જ જોયા કરે. એની જ ડાયલૉગબાજી ઉપર તાળીઓ પાડે. અરે! મકન મહારથી જેવો નટ તો થાવો નથી.'

'લ્યો' ટિકિટમાસ્તરે હાથમાં લેતાંવેંત ચોળાઈ જાય એવા લાલ ચુથ્થા કાગળની બનેલી બે ટિકિટો એને પકડાવી. પછી કહ્યું, 'તમે કહો તો ટિકિટ પાછી લઈ લઉં હોં! પૈસા પાછા આપી દઉં. મારી ના નથી.'

ટિકિટવાંછું આંચકો ખાઈ ગયો. 'એમ કાં બોલો?' પછી બારીની જાળીમાંથી ઘુરકાટ કરીને કહે, 'મેં પૈસા પાછા માગ્યા?'

'નથી માગ્યા,' ટિકિટમાસ્તર બોલ્યા, 'પણ મારી કહેવાની ફરજ.'

'અરે! કંપનીને થતો વકરો ટાળવાની તમારી ફરજ!? કંપનીનું લૂણ ખાઈને? એના જ નોકરિયાત થઈને! અરે! કાકા, કંપનીના માલેકને ખબર પડશે તો તમને આ ઘરડે ઘડપણ ગડગડિયું પકડાવી દેશે! આ તો ગદ્દારી કહેવાય, એટલું તો સમજો!'

'અરે! એ શું ગડગડિયું પકડાવતો'તો!' ટિકિટમાસ્તર બેફિકરાઈથી મૂછે હાથ દઈને બોલ્યો. એ તો સ્ટેજ પર તલવારું તાણે એટલું જ. ઠીક છે મારા ભાઈ, ચાલે. મકન મહારથીનો દીકરો છે. એના બાપે પોતાના દીકરા તરીકે મારી મારીને શિખવાડ્યું હોય એટલે બીજી કંપનીઓના એના જેવજેવડા ઍક્ટરો કરતાં ઘણું સારું કરે. પણ તમે હમણાં કહ્યું એમ...' પછી કહે, 'એટલે જ ટિકિટના પૈસા પાછા આપવાનું મેં તમને કહ્યુંને!'

'મકન મહારથી જેવું તો ન જ કરી શકે, એ તો હું સમજું, પણ તમે ટિકિટના પૈસા આપવાનું વારે ઘડીએ કેમ કહ્યા કરો છો?'

'કારણ કે હવે મકન મહારથી એમાં પૃથ્વીરાજના પાઠમાં નથી. એનો છોકરો ચિમન તાત્યા એ પાઠ લ્યે છે. હવે તમે જૂના જમાનાની જેમ એમાં મકન મહારથી હશે એમ સમજીને જાઓ તો પૈસા પડી ગયા જેવું લાગેને? એટલે જ.' એણે ભાર દઈને કહ્યું, 'એટલે જ કહેવાની મારી ફરજ ને એય કહેવાની મારી ફરજ કે મકન મહારથીને તમારે જોવા હોય તો બે દહાડા ખોભરી જાઓ. મદાલસામાં બુઢ્ઢા ધુતારાના રોલમાં એ દેખાશે. અફલાતૂન

કામ કરે છે. તમે બે ઘડી પ્રાણને બી ભૂલી જાઓ.'

'બરાડની **બિઝનેસ** ટૂરમાં જવાનો છું. બે દા'ડામાં તો નહીં અવાય.' ટિકિટ લેનાર ટાલિયાએ માથે હાથ ફેરવ્યો. પૃથ્વીરાજ ચૌહાણના જુવાનજોધ પાઠમાં અનેક વાર એને જોયા પછી ધુતારાના પાઠમાં મકન મહારથીને જોઈને બાપા, અમારો તો નશો જ ઊતરી જાય.'

'પણ તો પછી પૃથ્વીરાજ ચૌહાણમાં તો મકન મહારથીને નહીં જુઓ તો તો તમારું શું થાશે હેં? દઉં ટિકિટના પૈસા પાછા? હેં?'

ટિકિટ લેનારના મનમાં એક વાત પર કાંટો પાકે પાયે સેટ થઈ ગયો. આ ટિકિટમાસ્તર નક્કી અધગાંડો છે ને કાં આ કંપનીના માલેકનો ગયા ભવનો વેરી. નક્કી કોઈ કરમસંજોગે જ આવા ઘરના ઘાતકી નોકર કંપનીને ભટકાય. માલેકને કો'કે ચેતવવો જોઈએ.

ત્યાં થોડે દૂર ગયા પછીય કોઈક બીજા સાફાવાળા દરબાર સાથે ટિકિટમાસ્તરની ભેજામારી સંભળાઈ. 'ટિકિટ લેવી હોય તો લ્યો દરબાર, મારી ના નથી, પણ એક વાત પહેલાં સમજી લો, પછી ટિકિટ ફડાવજો.'

'શું?'

'કે હવે મકન મહારથી પૃથ્વીરાજ ચૌહાણનો પાઠ આમાં ભજવે એ જમાના વયા ગયા. હવે મકન મહારથી એમાં હશે એમ સમજીને ટિકિટ ફડાવતા હો તો... ના ના, એનો છોકરો ચિમન તાત્યા આમ કામ તો ધોરણસર જ કરે છે પણ દરબાર, હજુય કહું છું કે મકન મહારથીના વરાંહે જતા હો તો...'

પહેલી ટિકિટ લેનારનું ભેજું ફાટફાટ થઈ ગયું. આનો આ ટિકિટમાસ્તર જો ટિકિટબારી ઉપર વધુ વખત બેસશે તો કંપનીનું કાલે ડૂબનારું વહાણ આજ ને આજ ડૂબશે. માલેકને હાથમાં રામપાતર લઈને સડકને કિનારે ભીખ માગવાનો વારો આવશે.

એ આગળ નીકળી ગયો. લારી પર જઈને એક આખી ચડિયાતી ખાંડવાળી ચા ચડાવી. 'આપણે શું? આપણે શું?'ની એની માનસિકતાની ઉપર હવે 'માલેકને ચેતવવો જોઈએ. એને બિચારાને ખબર જ નહીં હોય કે ટિકિટબારી કેમ મોળી જાય છે?' આ પણ એક પરોપકારનું કામ છે; એવી માનસિકતાએ જોર પકડ્યું.

પછી બીડી સળગાવી, બે-ચાર જોરદાર સટ મારીને બીજા માઈલી વૃત્તિને વધુ દઢ કરી પછી બીડીને ભોંય પર ફેંકીને જોડા નીચે જોર જોરથી કચરી

નાખી. જાણે કે દાઝ કાઢી.

ત્યાં વળી કોઈ ત્રીજા માણસ જોડેનો ટિકિટમાસ્તરનો ડાયલૉગ સંભળાયો, ‘હું શું કહું છું? તમે બે જ શું કરવા? આખું ઘર ‘પૃથ્વીરાજ ચૌહાણ’ જોવા પધારો, પણ પૃથ્વીરાજનું પાત્ર મકન મહારથી ભજવે છે એમ સમજીને આવતા હો તો ટિકિટ ના ફડાવજો.’

થઈ રહ્યું. પહેલા નંબરનો ટિકિટ લેનાર ધમધમાટ કંપનીનો દરવાજો ખોલીને અંદર ગયો. ચોકીદારને પૂછ્યું, ‘ક્યાં છે તમારા શેઠ?’

‘કોણ ચમન તાત્યા?’

‘તે બીજો કોઈ શેઠ છે?’ આણે જરા ચિડાઈને પૂછ્યું, ‘હાલ પૃથ્વીરાજનો પાઠ લ્યે છે એ જ શેઠ છે ને? મતલબ ચમન તાત્યો!’

ત્યાં શેઠ જ બહાર આવ્યો. એમ લાગતું હતું કે સીધો મેકઅપ રૂમમાંથી આ બોલાશ સાંભળીને બહાર નીકળ્યો હતો. પૃથ્વીરાજનો વેશ પહેર્યો હતો, પણ હતો મૂછમૂંડો. ધડ પૃથ્વીરાજનું, પણ માથું મિસફિટ. કોમળ કૉલેજિયન જેવું.

‘શું છે?’

‘કાંઈ નથી.’ ચોકીદાર બોલ્યો, આ ભાઈ પૂછે છે કે તમે જ છો શેઠ?’

‘તે છું જ ને!’

હવે પહેલી ટિકિટ લેનારનો બોલવાનો વારો આવ્યો. બોલ્યો : ‘શેઠ, તમારે કંપની ચલાવવી હોય તો આ ટિકિટમાસ્તરને કાઢો. દેવાળું કઢાવશે તમને. સૌને ટિકિટ ના લેવા સમજાવે છે. મારે તો હિંગ કે ફટકડી! આ તો ના રહેવાયું એટલે ચેતવવા આવ્યો છું.’

શેઠે નીચે નજર ઢાળી દીધી.

પેલાએ આગળ ચલાવ્યું, એ ડોસા સૌને કહે છે કે નાટકમાં મકન મહારથી નથી, એટલે એ છે એમ સમજીને ટિકિટ લેતા હો તો ના લેજો.’ પછી એક પળ અટકીને વળી પૂછ્યું, ‘આવું બોલાતું હશે? મકન મહારથી તમારા પિતાશ્રી છે ને તમે એમની પાસેથી શીખ્યા હશો એ બી સાચું, પણ ના, ના, હું કહું છું, એને કહેનારા કોઈ નથી? તમારા બાપાના વખતનો કંપનીનો માણસ હોય તો તમારા બાપાને કહો કે એને એક ધોલ ઠોકીને કહે કે બેવકૂફ, મારા છોકરાના પેટ પર પાટુ મારવાનો કારસો કરે છે? ખબરદાર!’

પછી થયું કે આ તો આપણે વગર અધિકારે બોલ્યા એ વાજબી નહીં, એટલે બે વેણ ઉમેર્યાં : ‘માફ કરજો હોં, મારે કાંઈ લેવાદેવા નથી છતાં કહું છું. મને એના ઉપર દાઝ ચડી એટલે તમારા સુધી વાત પહોંચાડી. નહીંતર મારે શું?’

એક મોટો નિઃશ્વાસ, કલાક પછી થનાર પૃથ્વીરાજ ચૌહાણે નાખ્યો. કહ્યું, ‘તમારી વાત વાજબી છે, મે’રબાન, જે ટિકિટમાસ્તર પર તમને દાઝ ચડે છે એ બીજું કોઈ નહીં, ખુદ મારો બાપ મકન મહારથી છે. આજે એમને લાયક કોઈ પાઠ નથી એટલે અમે એમને ટિકિટબારી ઉપર બેસાડ્યા છે. બાકી એમની ઉંમર થઈ, હવે હું તો હજુ પૃથ્વીરાજ ચૌહાણનો વેશ લઉં છું પણ...’

એણે દરવાજા ભણી દૃષ્ટિ કરી, ‘હજુ મારા બાપા એ વેશ ઉતારી શક્યા નથી.’ પછી બોલ્યો, ‘ટિકિટના કાવડિયા પાછા દઉં?’

■